**અગ્રતાક્રમઃ**

**૨૯**

વિભાગઃ– સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ– ૧૫/૪/૧૩૮૧

પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી, અને તેમનો મત વિસ્તાર –

**શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા)**

પ્રશ્નનું શિર્ષકઃ– **અનુસૂચિત જાતિ આયોગની રચના**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખઃ–**

**૧૩/૦૨/૨૦૨૪**

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

# અનુક્રમણિકા

## અગ્રતાક્રમ – 29

| | |
|---|---|
| પ્રશ્ન – ૧ | હાલમાં ગુજરાતમાં અનુસૂચિત જાતિની કુલ કેટલી વસ્તી છે? તેમજ તેમાં કેટલી પેટા જ્ઞાતિઓનો સમાવેશ થાય છે? |
| પ્રશ્ન – ૨ | ગુજરાત રાજ્યમાં રાજ્ય કક્ષાના અનુસૂચિત જાતિ આયોગની રચના કરવી, તે બંધારણમાં દર્શાવેલ છે કે કેમ? |
| પ્રશ્ન – ૩ | દેશના અન્ય કોઈ રાજ્યો દ્વારા રાજ્ય અનુસૂચિત જાતિ આયોગની રચના કરવામાં આવેલ છે કે કેમ? |
| પ્રશ્ન – ૪ | રાજ્યમાં અનુસૂચિત જાતિના વિકાસ માટે કેવા પ્રકારનું વહીવટી માળખું અસ્તિત્વમાં છે? |
| પ્રશ્ન – ૫ | રાજ્યમાં અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે અલાયદું આયોગ અસ્તિત્વમાં છે કે કેમ? |

પૂરક નોંધ

29

## અનુસૂચિત જાતિ આયોગની રચના

*15/4/1381 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા): ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૭/૦૭/૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-૧૭૯૧૨ (અગ્રતા-૬૮)ના અનુસંધાને **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં અનુસૂચિત જાતિ આયોગની રચના કરવાની બાબત નીતિ વિષયક હોવાથી સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી તે અંગે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે વિચારણા હાથ ધરવામાં આવી, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિ આયોગની રચના કરવાની બાબત નીતિ વિષયક હોવાથી સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વિચારણા કઈ કક્ષાએ ક્યારથી પડતર છે, અને | (૨) આ બાબત નીતિ વિષયક હોવાથી સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| (૩) ઉક્ત વિચારણા પૂર્ણ કરીને આયોગની રચના ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે? | (૩) આ અંગે નીતિ વિષયક નિર્ણય થયેથી. |

------------------

**પ્રશ્ન– (૧) :– હાલમાં ગુજરાતમાં અનુસૂચિત જાતિની કુલ કેટલી વસ્તી છે? તેમજ તેમાં કેટલી પેટા જ્ઞાતિઓનો સમાવેશ થાય છે?**

**જવાબ :- માન.અધ્યક્ષશ્રી,**

વર્ષ ૨૦૧૧ ની છેલ્લી વસ્તી ગણતરી મુજબ ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિની વસ્તી ૪૦.૭૪ લાખ છે તેમજ તેમાં ભારત સરકારશ્રી દ્વારા કુલ ૩૬ પેટા જ્ઞાતિઓ નક્કી કરવામાં આવેલ છે.

**પ્રશ્ન- (૨) :- ગુજરાત રાજયમાં રાજ્ય કક્ષાના અનુસૂચિત જાતિ આયોગની રચના કરવી, તે બંધારણમાં દર્શાવેલ છે કે કેમ?**

**જવાબ :- માન.અધ્યક્ષશ્રી,**

ના, ભારતીય બંધારણના આર્ટિકલ-૩૩૮ હેઠળ માત્ર રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની રચના માટે જોગવાઈ કરવામાં આવેલ છે.

**પ્રશ્ન– (૩) :– દેશના અન્ય કોઈ રાજ્યો દ્વારા રાજ્ય અનુસૂચિત જાતિ આયોગની રચના કરવામાં આવેલ છે કે કેમ?**

**જવાબ:– માન. અધ્યક્ષશ્રી,**

હા, દેશના કુલ ૧૨ રાજ્યો દ્વારા રાજ્ય અનુસૂચિત જાતિ આયોગની રચના કરવામાં આવેલ છે. જેની યાદી નીચે મુજબ છે.
(૧)રાજસ્થાન, (૨)પંજાબ, (૩)કેરળ, (૪)મધ્યપ્રદેશ, (૫)આંધ્રપ્રદેશ, (૬)ઉત્તરપ્રદેશ, (૭)ઉત્તરાખંડ, (૮)કર્ણાટક, (૯)છત્તીસગઢ, (૧૦)બિહાર, (૧૧)મહારાષ્ટ્ર, (૧૨)ગોવા.

**પ્રશ્ન– (૪) :– રાજ્યમાં અનુસૂચિત જાતિના વિકાસ માટે કેવા પ્રકારનું વહીવટી માળખું અસ્તિત્વમાં છે?**

- **જવાબ:– માન. અધ્યક્ષશ્રી,**

➢ ગુજરાત રાજ્ય વિધાનસભા હસ્તક અનુસૂચિત જાતિ કલ્યાણ સમિતિ કાર્યરત છે. જે અનુસૂચિત જાતિને લગતા વિવિધ વિભાગોને સંબંધિત સંબંધિત પ્રશ્નો/રજૂઆતો અંગે તપાસ કરે છે અને નીતિ વિષયક મુદ્દાઓ પર યોગ્ય પગલાં લેવા રાજ્ય સરકારને ભલામણ કરે છે.

➢ હાલમાં રાજ્યમાં વસતા અનુસૂચિત જાતિનાલોકોના કલ્યાણ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ (૧)ડૉ.આંબેડકરઅંત્યોદય વિકાસ નિગમ, (૨)ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ તથા (૩)ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ કાર્યરત છે. જેમાં અનુસૂચિત જાતિનાવર્ગોના શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય તથા આવાસ નિર્માણ માટે યોજનાકીય લાભ આપવામાં આવે છે તથા આ માટે વર્ષવાર પર્યાપ્ત બજેટ જોગવાઈ પણ કરવામાં આવે છે.

➢ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની અમદાવાદ ખાતે કાર્યરત પશ્ચિમ ઝોનની પ્રાદેશિક કચેરી દ્વારા મોકલવામાં આવતી અનુસૂચિત જાતિના લોકોની તમામ પ્રકારની રજૂઆતો પર આ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

➢ વધુમાં, અનુસૂચિત જાતિ/જનજાતિ અત્યાચાર (નિવારણ) અધિનિયમના અમલીકરણ માટે જિલ્લા, શહેરી, તાલુકા તથા રાજ્ય કક્ષાએ તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવામાં આવેલ છે. તેમજ ૨૪*૭ Ultra Modern Call Centre પણ કાર્યરત છે.

આમ, રાજ્યમાં અનુસૂચિત જાતિના પ્રશ્નો અંગે પૂરતું વહીવટી માળખું અસ્તિત્વમાં છે.

**પ્રશ્ન– (૫) :– રાજ્યમાં અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે અલાયદું આયોગ અસ્તિત્વમાં છે કે કેમ?**

- **જવાબ:– માન. અધ્યક્ષશ્રી,**

ના, રાજ્યમાં અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે આ પ્રકારનું અલાયદું આયોગ અસ્તિત્વમાં નથી.

# પૂરક નોંધ

**તારાંકિત પ્ર.ક.૧૩૮૧** **માન. ધારાસભ્યશ્રી શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા)**

- ભારતના બંધારણની કલમ–૩૩૮ હેઠળ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની રચનાની જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ સદરહુ કલમ હેઠળ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના બંધારણ તેમજ આયોગના કાર્યો અને ફરજોની જોગવાઈ પણ કરવામાં આવેલ છે.
- પરંતુ, ભારતના બંધારણમાં રાજ્ય કક્ષાએ અનુસૂચિત જાતિ આયોગની રચના કરવા બાબતે કોઈ ઉલ્લેખ થયેલ નથી તેમજ અનુસૂચિત જાતિ/જનજાતિ અત્યાચાર (નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ માં પણ આ બાબતે કોઈ જોગવાઈ થયેલ નથી.
- રાજ્યમાં હાલ અમદાવાદ ખાતે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની પશ્ચિમ ઝોનની પ્રાદેશિક કચેરી કાર્યરત છે. જે ભારતીય બંધારણનીકલમ–૩૩૮ માં સૂચવેલ કામગીરી કરે છે તથા અનુસૂચિત જાતિ સમુદાયના લોકોના પ્રશ્નોને સાંભળીને રાજ્ય સરકાર તથા તેની વિવિધ કચેરીઓને આ અંગે જરૂરી ભલામણ કરવાનું કાર્ય કરી રહેલ છે.

➢ રાજ્યમાં અનુસૂચિત જાતિના પ્રશ્નો અંગે નીચે મુજબનું વહીવટી માળખું અમલમાં છે.

- ગુજરાત રાજ્ય વિધાનસભા હસ્તક અનુસૂચિત જાતિ કલ્યાણ સમિતિ કાર્યરત છે. જે અનુસૂચિત જાતિને લગતા વિવિધ વિભાગોને સંબંધિત સંબંધિત પ્રશ્નો/રજૂઆતો અંગે તપાસ કરે છે અને નીતિ વિષયક મુદ્ધાઓ પર યોગ્ય પગલાં લેવા રાજ્ય સરકારને ભલામણ કરે છે.
- હાલમાં રાજ્યમાં વસતા અનુસૂચિત જાતિનાલોકોના કલ્યાણ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ તથા ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ કાર્યરત છે. જેમાં અનુસૂચિત જાતિના વર્ગોના શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય તથા આવાસ નિર્માણ માટે યોજનાકીય લાભ આપવામાં આવે છે તથા આ માટે વર્ષવાર પર્યાપ્ત બજેટ જોગવાઈ પણ કરવામાં આવે છે.
- રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની અમદાવાદ ખાતે કાર્યરત પશ્ચિમ ઝોનની પ્રાદેશિક કચેરી દ્ધારા મોકલવામાં આવતી અનુસૂચિત જાતિના લોકોની તમામ પ્રકારની રજૂઆતો પર આ વિભાગ દ્ધારા કાર્યવાહી કરવામાં આવે છે.
- વધુમાં, અનુસૂચિત જાતિ/જનજાતિ અત્યાચાર (નિવારણ) અધિનિયમના અમલીકરણ માટે જિલ્લા, શહેરી, તાલુકા તથા રાજ્ય કક્ષાએ તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવામાં આવેલ છે.

આમ, રાજ્યમાં અનુસૂચિત જાતિના પ્રશ્નો અંગે પૂરતું વહીવટી માળખું અસ્તિત્વમાં છે.

➢ વધુમાં, ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે રાજ્ય કક્ષાએ કોઈ અલાયદું આયોગ અસ્તિત્વમાં નથી.

- તેમ છતાં, ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ આયોગની રચના કરવા બાબતે દેશના અન્ય રાજ્યો કે જેમાં રાજ્ય કક્ષાએ અનુસૂચિત જાતિ આયોગની રચના કરવામાં આવેલ છે તેવા (૧)રાજસ્થાન, (૨)પંજાબ, (૩)કેરળ, (૪)મધ્યપ્રદેશ, (૫)આંધ્રપ્રદેશ, (૬)ઉત્તરપ્રદેશ, (૭)ઉત્તરાખંડ, (૮)કર્ણાટક, (૯)છત્તીસગઢ, (૧૦)બિહાર, (૧૧)મહારાષ્ટ્ર, (૧૨)ગોવા રાજ્યોમાં (૧) કઇ કઇ બાબતોનો આધાર લઇને અનુસૂચિત જાતિ આયોગની રચના કરવામાં આવેલ છે, અને આ આયોગ કઈ તારીખથી અમલ કરવામાં આવેલ છે, તેની વિગતો. (૨) સદરહુ આયોગની રચના કર્યા પછી અનુસૂચિત જાતિના લોકોના કેવા અભિપ્રાય/પ્રતિભાવ મળેલ છે, જે અન્વયે જે તે રાજ્યોમાં કયા કયા નિર્ણય લીધેલા છે, તેની આધાર સહિતની વિગતો. (૩) જે તે રાજ્યોમાં અનુસૂચિત જાતિ આયોગની રચના કર્યા પહેલાં અનુસૂચિત જાતિના લોકોના પ્રશ્નોના નિવારણ માટે કોઇ નિગમ/કોર્પોરેશન/બોર્ડ/સંસ્થાઓ કાર્યરત હતા કે કેમ? જો હા તો સદરહુ નિગમ/કોર્પોરેશન/બોર્ડ/સંસ્થાની આધાર સહિતની વિગતોનો તુલનાત્મક અભ્યાસ કરી, રાજ્ય અનુસૂચિત જાતિ આયોગની રચના બાબતે યોગ્ય વાજબીપણા સહિતનો અહેવાલ વિભાગને મોકલી આપવા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણને જણાવેલ છે.
- જે પૈકી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા આજ દિન સુધી (૧)તેલંગાણા, (૨)મહારાષ્ટ્ર, (૩)મધ્યપ્રદેશ, (૪)રાજસ્થાન, (૫)કર્ણાટક, (૬)ગોવા, (૭)પંજાબ રાજ્યોની માહિતી મોકલેલ છે. બાકીના રાજ્યોની માહિતી મોકલી આપવા માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણને વખતોવખત સ્મૃતિપત્ર પાઠવવામાં આવેલ છે.
    - આમ, ગુજરાત રાજ્ય અનુસૂચિત જાતિ આયોગની રચનાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.